# ગાંધીનગરમાં ૪૫ ડિગ્રી ગરમી

વિગતો છેલ્લા પાને


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૮૩ | ૩ જુન, ૨૦૧૯, સોમવાર; વૈશાખ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ઉત્તર ભારત કાળઝાળ ગરમી

**સમગ્ર ઉત્તર ભારત લૂના સકંજામાં : મૃતાંક વધીને ૩૭ : રાજસ્થાનમાં પારો ૫૩ ડિગ્રી સુધી પહોંચવાની ચેતવણી : રાજસ્થાનમાં પારો ૫૦થીય ઉપર પહોંચતા ભારે હાહાકાર : જનજીવન પણ ખોરવાયું : દેશમાં ભીષણ ગરમીથી હાલ રાહત નહીં મળે તેવી તંત્રની આગાહી**



નવીદિલ્હી, તા. ૨

સમગ્ર ઉત્તર ભારતમાં ભીષણ ગરમી પડી રહી છે. જેના કારણે હાહાકાર મચી ગયો છે. ।જે પણ દેશના અનેક ભાગોમાં પારો ૫૦ની આસપાસ રહ્યો હતો. બીજી બાજુ એવી ચેતવણી પણ જારી કરવામાં આવી છે કે, ઉત્તર પશ્ચિમ ભારત એટલે કે રાજસ્થાનમાં આગામી બે દિવસમાં તાપમાનમાં એકથી બે ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો થઈ શકે છે. આનો મતલબ એ થયો કે, રાજસ્થાનમાં તાપમાન ૫૨-૫૩ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર અને મિઝોરમ સહિતના પૂર્વોત્તર ભારતમાં વરસાદ થવાની શક્યતા પણ દેખાઈ રહી છે. ભીષણ ગરમી અને લૂના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. ગઈકાલે શનિવારની જેમ જ આજે રવિવારના દિવસે પણ મહત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફાર જોવા મળ્યા ન હતા. ગઈકાલ જે રીતે ઉત્તર અને પશ્ચિમ ભારતના મોટાભાગના વિસ્તારોમાં ભીષણ ગરમી રહી હતી તેવી જ રીતે આજે પણ પારો આસમાને રહ્યો હતો. પશ્ચિમી રાજસ્થાનમાં પારો ૫૧ ડિગ્રીની આસપાસ પહોંચ્યો છે. ઉત્તરપ્રદેશના બાંદામાં પારો ૪૮થી ઉપર પહોંચ્યો છે જે સામાન્ય કરતા ત્રણથી પાંચ ડિગ્રી વધારે છે. અપેક્ષા કરતા વધારે ઠંડા ગણાતા જમ્મુમાં પારો ૪૪ સુધી પહોંચી ગયો છે. ઉત્તરપ્રદેશના પાટનગર લખનૌ અને આસપાસના વિસ્તારોમાં વરસાદ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ભીષણ ગરમીના પરિણામ સ્વરુપે લોકોની હાલત કફોડી બનેલી છે. દેશમાં ગરમીના કારણે મોતનો આંકડો ૩૭થી પણ

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ પર મંથન શરુ : જેપી નડ્ડા રેસમાં સૌથી આગળ

ન્યુ દિલ્હી,તા. ૨

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ હવે મોદી સરકારમાં ગૃહમંત્રી બની ગયા છે, ત્યારે હવે ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ કોણ બનશે, તેની ચર્ચા ચાલુ થઇ ગઇ છે. શનિવારના રોજ ગૃહ મંત્રાલયનો ચાર્જ સંભાળ્યા બાદ મોડી રાત્રે ૯ વાગ્યા સુધી અમિત શાહે પાર્ટીના મહાસચિવો સાથે બેઠક કરી હતી.

આ બેઠકમાં રાજ્યોના સંગઠનમાં પણ જલદી ચૂંટણી કરાવાને લઈને ચર્ચા થઇ હતી, જેથી અધ્યક્ષ પદ પર ચૂંટણીનો રસ્તો જલદી ક્લીયર થઇ જાય. તમને જણાવી દઈએ કે દેશભરમાં ૫૦%થી વધુ રાજ્યોમાં ચૂંટણી પૂરી થયા બાદ જ રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી થઈ શકે છે. આ પહેલા સપ્ટેમ્બર ૨૦૧૮મા ભાજપની રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠકમાં લોકસભા ચૂંટણીને જોતા ભાજપ અધ્યક્ષ અમિત શાહનો કાર્યકાળ ૬ મહિના સુધી વધારવામાં આવ્યો હતો.

નવા રાષ્ટ્રીય અધ્યક્ષની વાત કરીએ તો જે.પી.નડ્ડા અને ભુપેન્દ્ર યાદવનું નામ અધ્યક્ષપદની રેસમાં સૌથી આગળ ચાલી રહ્યું છે. આ બંનેમાંથી કોઈ એકના નામ પર અધ્યક્ષની મોહર લાગી શકે છે. સૂત્રોનું માનીએ તો જે.પી.નડ્ડા આ રેસમાં સૌથી આગળ છે. આનું કારણ એ છે કે, તેઓ ચૂંટણી પ્રભારી હતા, ત્યારે જ મ્ત્રૅઍમા ફરીએકવાર મોટી જીત હાંસલ કરી છે અને તેમ છતા તેમને મોદી સરકારમાં મંત્રી નથી બનાવવામાં આવ્યા.

# રક્ષામંત્રી રાજનાથસિંહ આજે સિયાચીન જશે

નવી દિલ્હી, તા. ૨

સંરક્ષણ મંત્રી તરીકે જવાબદારી સંભાળી લીધા બાદ રાજનાથસિંહ સોમવારના દિવસે પ્રથમ સત્તાવાર પ્રવાસ કરનાર છે. જેના ભાગરુપે રાજનાથસિંહ સિયાચીન જશે. સંરક્ષણ મંત્રી તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ તેઓ ભૂમિ સેનાના પ્રમુખ બિપીન રાવતની સાથે સિયાચીન પહોંચશે. મોદી સરકારની બીજી અવધિમાં રાજનાથસિંહને સંરક્ષણ મંત્રી તરીકેની મોટી જવાબદારી સોંપવામાં આવી છે. અગાઉની સરકારમાં રાજનાથસિંહ મોટી જવાબદારી સંભાળી રહ્યા હતા. આવતીકાલે સોમવારના દિવસે રાજનાથસિંહ સિયાચીન ગ્લેસિયર જશે. રાષ્ટ્રીય પાટનગરથી બહાર સંરક્ષણ બેઝ ઉપર આ તેમની પ્રથમ યાત્રા રહેશે. સંરક્ષણમંત્રી અહીંના વોર મેમોરિયલ પર

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### અમૃતસરમાં હેન્ડગ્રેન્ડ મળ્યા

ઓપરેશન બ્લૂસ્ટારની ૩૫ મી વરસી પહેલા જ અમૃતસરમાંથી હેન્ડગ્રેનેડ ભરેલા બેગ મળી આવ્યા છે. પંજાબ પોલીસ અને અર્ધસૈનિકદળો દ્વારા જારી હાઈએલર્ટ દરમ્યાન તપાસણીની કામગીરી ચાલી રહી હતી ત્યારે જ આ ઘટના બનતા પોલીસ સતર્ક બની ગઈ છે.

### પૂર્વ નાગરિક ઉડ્ડયનમંત્રી સામે સમન્સ જારી

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા યુપીએ શાસનકાળમાં સરકારી, વિમાન કંપની એર ઈન્ડિયામાં થયેલા કરોડો રૂપિયાના કૌભાંડ સાથે જોડાયેલા મામલામાં પૂર્વ નાગરિક ઉડ્ડયનમંત્રી પ્રફુલ પટેલને સમન્સ જારી કર્યુ છે. અધિકારીઓના કહેવા મજુબ વિમાન કંપનીમાં લોબિસ્ટ રહેલા દિપક તલવારની ધરપકડ બાદ કેટલાક ખુલાસાઓ થયા છે જેથી પ્રફુલ પટેલને તપાસનો સામનો કરવો પડી રહ્યો છે.

# બિહાર મંત્રીમંડળના વિસ્તરણમાં ભાજપની બાદબાકી : નવા આઠે-આઠ જેડીયુના

**નીતિશકુમાર કેબિનેટમાં સંખ્યાબળ ૩૩ થયું : કેન્દ્રમાં એનડીએ સરકાર સાથે કોઇપણ પ્રકારના મતભેદો હોવા જેડીયુનો ઇન્કાર : રાજ્યપાલ ટંડને શપથ લેવડાવ્યા**

પટણા, તા. ૨

બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે આજે કેબિનેટનું વિસ્તરણ કર્યુ હતું. જેડીયુના આઠ



નવા ધારાસભ્યોને પ્રધાન બનાવવામાં આવ્યા હતા. કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નવી સરકારમાં સામેલ થવાનો જનતા દળ યુનાઈટેડના નેતા નીતિશકુમારે નિર્ણય કર્યા બાદ કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું. નિતીશકુમારની કેબિનેટમાં હવે ૩૩ પ્રધાનો થઈ ગયા છે. આજે નવા આઠનો સમાવેશ કરવામાં આવ્યો હતો. નવા સામેલ કરવામાં આવેલા પ્રધાનોમાં અશોક ચૌધરી, શ્યામ રજક, નરેન્દ્ર નારાયણ, સંજય ઝા, રામસેવક સિંહ, લખમેશ્વર રાય, બીમા ભારતીનો સમાવેશ થાય છે. નવા પ્રધાનોમાં એક માત્ર મહિલા બીમા ભારતી તરીકે છે. બિહારના રાજ્યપાલ લાલજી ટંડને રાજભવન ખાતે આયોજિત કાર્યક્રમમાં તમામને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. બિહારના કેબિનેટના વિસ્તરણ બાદ અટકળોનો દોર ચાલી રહ્યો છે. નીતિશકુમારે આજે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, એનડીએમાં કોઇપણ પ્રકારની તિરાડ નથી. કેન્દ્રમાં રહેલી સરકાર સાથે કોઈપણ પ્રકારનો વિવાદ નથી. નથી પરંતુ કેન્દ્રમાં જેડીયુની ભાગીદારીથી ઈન્કાર બાદ અટકળોનો દોર જારી છે. મંત્રીઓના શપથ બાદ જેડીયુના પ્રવક્તા કેસી ત્યાગીએ કહ્યું હતું કે, કેન્દ્રીય કેબિનેટમાં સામેલ નહીં થવાનો પાર્ટીનો છેલ્લો નિર્ણય હતો. ભવિષ્યમાં પણ અમે એનડીએની સરકારમાં સામેલ થઈશું નહીં. કેબિનેટમાં જેડીયુ પોતાની સીટો ખાલી હતી જેથી પાર્ટીના નેતાઓને સામેલ કરવામાં આવ્યા છે. ભાજપ સાથે કોઈપણ પ્રકારનો વિવાદ નથી. બીજી બાજુ ભાજપના નેતા અને નાયબ મુખ્યમંત્રી સુશીલ મોદીએ કહ્યું છે કે, કોઈપણ પ્રકારના મતભેદ નથી. જો કે, જેડીયુ દ્વારા કેન્દ્ર સરકારમાં સામેલ નહીં થવાના નિર્ણય અંગે કોઈ ટિપ્પણી કરી ન હતી.

## ભવિષ્યમાં પણ મોદી સરકારમાં સામેલ નહી થઈએ : જેડીયુ

માત્ર એક જ મંત્રીપદ મળતુ હોવાથી નારાજ જેડીયુએ મંત્રીમંડળમાં સામેલ થવાનો ઈનકાર કરી દીધો હતો. હવે જેડીયુના પ્રવક્તા કે સી ત્યાગીએ કહ્યુ છે કે, ભવિષ્યમાં પણ જેડીયુ મોદી સરકારમાં સામેલ નહી થાય. હવે કેબિનેટમાં જોડાવાનો સમય જેડીયુ માટે પુરો થઈ ગયો છે.

કેન્દ્ર સરકારમાં એક કેબિનેટ મંત્રીની ઓફરને ફગાવી દીધા બાદ નીતિશના કેબિનેટ વિસ્તરણને ઉપયોગી ગણવામાં આવે છે. જેડીયુ અને ભાજપના નેતાઓ એકબીજાની સામે કોઈ આંગણી ઉઠાવી રહ્યા


**AVAILABLE**

3 BHK FULLY FURNISHED FALT AT KARISHNAKUNJ B/H NID.

Gas line, Modular kitchen, Freeze, Bed, POP, Air-conditioning, Gas geyser, Sofa, Dinning, TV with cabinets.

ONLY FAMILY'S.
Rs : 21.000/00
Call - 9974703401

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

**મોલેક્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમીટેડ**

સી-૭ - ૮, જી.આઈ.ડી.સી. ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ,
સેક્ટર-૨૫, ગાંધીનગર - ૩૮૨૦૪૪.
ફોન : ૦૭૯-૬૬૭૩૭૭૯૧/૯૨

મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના અંતર્ગત મોલેક્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમીટેડ ગાંધીનગર દ્વારા

- ૦૬ ફીટર
- ૦૨ ઈલેક્ટ્રીશીયન
- ૦૨ વાયરમેનની

જગ્યાઓ માટે એપ્રેન્ટીસશીપ એક્ટ-૧૯૬૧ હેઠળ રાખવાના થાય છે. આથી જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં ઉક્ત સરનામે કોરા કાગળ પર પોતાની અરજી કરી શકશો. અથવા ઈ-મેઈલ rahul.singh@molex.com પર પણ અરજી મોકલી શકશે.

